# સુવિચાર

માનવતાનો મહિમા ગાતું સદ્‌વિચાર પરિવારનું સામયિક


આદ્ય તંત્રી :

**સદ્‌ગત હરિલાલ વિ. પંચાલ 'નિમિત્તમાત્ર'**

તંત્રી :

**પ્રવીણ ક. લહેરી**

**વર્ષ : 50 ✻ અંક : 2 ✻ સળંગ અંક : 650 ✻ મે-2019**

**Web Site** : www.sadvichar.com ✻ **E-mail** : sdparivar.org@gmail.com



**ટ્રસ્ટી મંડળ**

**માણેકલાલ એચ. પટેલ**
પ્રમુખ

**પદ્મશ્રી ડો. પંકજ એમ. શાહ**
ઉપપ્રમુખ

**પ્રવીણ ક. લહેરી**
મેનેજિંગ ટ્રસ્ટી

**પ્રફુલ્લ એચ. અધ્વર્યુ**
મંત્રી

**જિતેન્દ્ર બી. પંચાલ**
સહમંત્રી

**કે. આર. સિંગ**
કોષાધ્યક્ષ

**પીયૂષ ઓ. દેસાઈ**
ટ્રસ્ટી

**શૈલેષ આઈ. પટવારી**
ટ્રસ્ટી

**વિનોદ એ. શાહ**
ટ્રસ્ટી

લેખકોના મત સાથે સંસ્થા સહમત છે તેમ માની લેવું નહીં.


**અનુક્રમણિકા**


| ક્રમ. | લેખનું શીર્ષક | લેખક | પાનું |
|---|---|---|---|
| 1. | તમે જ તમારું અજવાળું | મૂ.લે. સુધામૂર્તિ | 5 |
| | ચૂગલીખોર | ભાવાનુવાદ : સોનલ મોદી | |
| 2. | લેટ ટુ માય ફાધર | રંજના હરીશ | 7 |
| 3. | સાચા સ્નેહની સમીક્ષા : પ્રતિક્ષા | પ્રણવ પંડ્યા | 9 |
| 4. | સમાજની અસમાનતા ક્યારે દૂર થશે ? | કરસનભાઈ મો. પટેલ | 11 |
| 5. | કર્મણ્યકર્મ યઃ પશ્યેત્ | વિનોદ શાહ | 13 |
| 6. | પૌત્રીની દાદીને અંજલિ | ઈશા મનીષ સરૈયા | 15 |
| 7. | સદ્‌વિચાર સમાચાર સેવા | - | 16 |
| 8. | સદ્‌વિચાર પરિવારની સહયોગ અપીલ | - | 17 |
| 9. | કભી ખુશી કભી ગમ | ડૉ.પી.પી.બૅપ્સી/વેણી રવિ | 21 |
| 10. | મામાની ભેટ | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 21 |
| 11. | સદ્‌વિચાર પરિવાર મુખ્ય કાર્યાલયને પ્રાપ્ત દાનની યાદી | - | 25 |

# નિવેદન

ગ્રીષ્મઋતુની શરૂઆત સાથે વધેલી ગરમીએ જનજીવન પર અસર પાડી છે. આવા ધોમધખતા ઉનાળામાં ખાસ કરીને વિશ્વના સૌથી મોટા લોકતંત્રના ચૂંટણી જેવા મહત્ત્વના પ્રસંગે પ્રચારની આંધી વચ્ચે ભારતનો અદ્‌ભુત કોઠાસૂઝ ધરાવતો મતદાર શું ચૂકાદો આપશે તેના તરફ સમગ્ર વિશ્વની નજર મંડાયેલી છે. ભારત દેશમાં લોકશાહી પરિપક્વ થતી જાય છે પરંતુ તેમની સામેના પડકારો નાનાસૂના નથી. આ વિષય ઉપર ગુજરાત વિશ્વકોશમાં સદ્‌વિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી પ્રવીણ લહેરી અને અમદાવાદ મૅનેજમેન્ટ એસોસીએશનના જાણીતા કન્સલ્ટન્ટ ડૉ. અગ્રૈયાના પ્રવચનો લોકો માટે રસપ્રદ રહ્યા.

ઉનાળાના વૅકેશનમાં યુવાનોના વ્યક્તિત્વનો વિકાસ થાય તે માટે ગયા વર્ષે શરુ કરેલ સમર કૅમ્પમાં આ વખતે ૨૬ જેટલા તાલીમાર્થીઓ જોડાતા સૌના ઉત્સાહમાં નોંધપાત્ર વધારો થયો છે. અનેક સંસ્થાઓ અને તજજ્ઞોના સહયોગથી આ પ્રવૃત્તિ સ્થિર થશે તેવી આશા છે.

સદ્‌વિચાર પરિવારના ટ્રસ્ટી અને વાઘ-બકરી ગ્રૂપના ચૅરમેન શ્રી પીયૂષભાઈ દેસાઈના ધર્મપત્ની શ્રીમતી પન્નાબહેનનું દુઃખદ અવસાન થતાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. શ્રીમતી પન્નાબહેને શ્રી પીયૂષભાઈના દરેક કાર્યમાં જીવનસંગીની તરીકે અમૂલ્ય પ્રદાન કર્યું હતું. તેમના અવસાન બાદ યોજાયેલ પ્રાર્થના સભામાં હજારો લોકોએ હાજરી આપીને શ્રી પીયૂષભાઈ અને દેસાઈ પરિવારને સાંત્વના પાઠવી હતી. અમારી ઈશ્વરને પ્રાર્થના કે આ દુઃખદ પ્રસંગ સહન કરવાની શ્રી પીયૂષભાઈ અને પરિવારને શક્તિ-ભક્તિ તેમજ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ આપે.

ભરૂચ જિલ્લાના ઝઘડીયામાં વર્ષોથી સેવાની ધૂણી ધખાવીને બેઠેલા 'સેવારૂરલ'ના પ્રણેતા ડૉ. અનિલભાઈ દેસાઈનું માંદગી બાદ અવસાન થતાં ગુજરાતે એક સમર્પિત લોકસેવક ગુમાવ્યો છે. તબીબી વ્યવસાયની અઢળક આવકનો મોહ છોડીને ડૉ. અનિલભાઈ દેસાઈ અને તેમના પત્ની શ્રીમતી લતાબહેન દેસાઈ દ્વારા આદિવાસી વિસ્તારમાં આરોગ્યક્ષેત્રે જે પ્રદાન કરવામાં આવ્યું હતું તેને મૂલવવા શબ્દો ઓછા પડે. ડૉ. અનિલભાઈ દેસાઈએ પ્રજ્વલિત કરેલ સેવાની જ્યોત જલતી રહે અને આદિવાસીઓ તેમજ જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ઉજાસ ફેલાવે તેવી પ્રભુ-પ્રાર્થના. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી અભ્યર્થના.

છેલ્લાં છ માસથી દેશમાં વધતી જતી વરિષ્ઠ નાગરિકોની સંખ્યા અને સમસ્યા ધ્યાને લેતાં સદ્‌વિચાર પરિવારે 'વડીલ માવજત કેન્દ્ર' સ્થાપવાનું હાથ પર લીધું છે તેમાં દાનનો પ્રવાહ અવિરત વહી રહ્યો છે. એટલું જ નહીં પણ નોંધપાત્ર રકમ દાન સાથે દાતાઓ અમારા આત્મવિશ્વાસમાં અનેકગણી વૃદ્ધિ કરી રહ્યા છે. શ્રી હેમંતભાઈ અને સોનલબહેન મોદીનો આભાર માનવાનો કે તેમણે આ પ્રવૃત્તિ માટે જરૂરી બાંધકામ માટે રૂ.૫૧,૦૦,૦૦૦ (રૂપિયા એકાવન લાખ) જેટલી માતબર રકમનું દાન આપ્યું છે. શ્રી સોનલબહેન મોદી ગુજરાતના એક શ્રેષ્ઠ અનુવાદક તરીકે ખ્યાતિ ધરાવે છે અને તેમના પીયર અને શ્વસૂર પક્ષના પરિવારો દ્વારા તેમની પ્રેરણાથી સારાં કાર્યને ખૂબ સારું પ્રોત્સાહન આપવામાં આવે છે. વડીલ માવજત કેન્દ્રની પ્રવૃત્તિમાં પથારીવશ દર્દી સારવાર અને માવજત અસરકારક રીતે થાય તે માટે જેસીંગભાઈ ભોગીલાલ ચીનાઈ વડીલ માવજત સહાય તાલીમ કેન્દ્ર માટે રૂપિયા ૭૫ લાખ જેટલી ધનરાશીનું દાન કરવામાં આવ્યું છે. આ દાનવીરે વૃદ્ધાવસ્થાને ગણકાર્યા વિના પોતાની સંપત્તિનું સદ્‌કાર્ય માટે ઉપયોગ થાય તે માટે અવિરત પ્રયત્નશીલ છે. ઉપરોક્ત બંને દાનો મળતાં સદ્‌વિચાર પરિવારનો વડીલ માવજત કેન્દ્રનો પ્રોજેક્ટ હવે ઘણી ઝડપથી સાકાર થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ ખૂબ મહત્ત્વાકાંક્ષી હોય તેની આર્થિક જરૂરીયાતો માટે જરૂરી રકમ દાન તરીકે મળી શકશે તેવી અમને શ્રદ્ધા છે. અમે આ માટે સૌ કોઈ સ્વજન-મિત્રોને પ્રાર્થના કરીએ છીએ કે ચાલો વડીલોના ઋણ ચૂકવણી સમાન આ કાર્યક્રમમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપી કૃતાર્થ થઈએ.

વર્ષ ૨૦૧૯-૨૦ના નવા નાણાંકીય વર્ષમાં પ્રવૃત્તિઓ વિકસાવવા માટે સલાહકાર મંડળની એક બેઠક તા.૧૪-૪-૨૦૧૯ના રોજ યોજવામાં આવી હતી. આ મિટીંગમાં થયેલા સૂચનો અને તેના પર કરવાની કાર્યવાહીની વિગતો આગામી અંકમાં સમાવીશું.

**સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

# તમે જ તમારું અજવાળું

મૂ. લે. સુધામૂર્તિ

## ચૂગલીખોર

ભાવાનુવાદ-સોનલ મોદી

ચેતના મારી જ કૉલેજમાં અંગ્રેજીની પ્રોફેસર છે. ઘરની સુખી છે,ફક્ત શોખ ખાતર નોકરી કરે છે. જો કે, હોશિયાર પણ ખૂબ છે.પોતાની હોશિયારી જો સીધે રસ્તે વાપરે તો નવું-નવું વાંચીને પોતાના વિષયમાં ઘણી જ આગળ વધી શકે તેમ છે પણ તેનો મોટા ભાગનો સમય ચૂગલી અને ગામગપાટામાં જ વેડફાય છે. પ્રોફેસર રૂમમાં બધાએ તેનું નામ'ચેતના-ચૂચૂ',પાડી દીધું છે. 'ચૂ' ફોર 'ચૂગલી'.

જૂઠું બોલતાં મને આવડતું નથી.વળી વર્ષોના અનુભવો હું શીખી ગઈ છું કે સત્ય બોલવાનું વધારે સહેલું છે.યાદ ન રાખવું પડે કે આપણે શું બોલ્યા હતા ! એક જૂઠાણાને છાવરવા સો જૂઠાણાં બોલવાં પડે.

છતાંય ચેતનાને ટાળવા મેં કહ્યું,'૨૦૭ નંબરના ક્લાસમાં મારી MCA 'બી' ડિવિઝનવાળાનો પિરિયડ છે.'

તરત જ ચેતના કહે, 'બેસ બેસ હવે. ગપ્પાં ન માર,બી ડિવિઝનવાળા તો આજે ડાકોર-ગળતેશ્વર પિકનિક પર ગયા છે.ભૂલી ગઈ ?'

હવે તો મારે બેસવું જ પડે ! ચેતનાની ગામભરની કૂથલી સાંભળવી જ પડે.

'બોલ, શું ચાલે છે ?'

'કંઈનહીં, હમણાં તો આ અમદાવાદ મેગાસિટી જાહેર થઈ ગયું ત્યારથી ટ્રાફિક બહુ જ વધી ગયો છે.' મેં કહ્યું, 'એ તો મનેય ખબર છે. હું તો રૂપલનું પૂછતી હતી. ખબર પડી કે નહીં ? હું તો માની જ નથી શકતી.... ખરેખર !'

'રૂપલ ? એને શું થયું ? માંદી છે ?' મેં ભોળાભાવે પૂછ્યું.

'તને તો ભોળી કહેવી કે ભોટ એ જ ખબર નથી પડતી ! તને ખબર નથી. રૂપલ અને શૈલેષ અલગ-અલગ રહે છે ?' રૂપલ અમારી જૂની મિત્ર હતી.

'ચેતના, તને કોણે કહ્યું ?' મેં પૂછ્યું.

'અરે સુધા,જ્યારે જ્યારે રૂપલને ઘેર ફોન કરું ત્યારે શૈલેષ તો હોય જ નહીં, બાઈને કે રૂપલને પૂછીએ તો એકધારો જવાબ મળે,'ફોરેન ગયા છે.' નવાઈ નથી લાગતી ?'

'ના રે,એમાં નવાઈ શી?શૈલેષ મલ્ટીનેશનલ કંપનીમાં માર્કેટીંગમાં કેટલી મોટી પોસ્ટ પર છે ! ટ્રાવેલિંગ તો રહે જ ને ! મને તો કાલે જ શૈલેષ મળ્યો હતો.'

'ક્યાં ? એની સાથે કોણ હતું ?' -ચેતનાએ તરત જ ડિટેક્ટીવની અદાથી પૂછ્યું.

'તાજમાં મળ્યો હતો. અમે એક પાર્ટીમાં ગયાં હતાં.ત્યાં જ એની ઑફિસની સહકાર્યકર સાથે મળ્યો હતો.' ચેતનાના મોઢા પર ઉત્સાહનું મોજું ફરી વળ્યું.જાણે તેની મોટી જીત થઈ હોય તેમ મને કહે,'શેની સહકાર્યકર! એ જ એનું લફરું હશે. કેટલાં વર્ષની હશે એ બાઈ ?'

'મેં કાંઈ એની ઉંમર નથી પૂછી.હશે ત્રીસેક વર્ષની.વળી શૈલેષ જોડે બીજા પણ ઘણા લોકો મિટિંગ એટેન્ડ કરવા આવ્યા હતા. ચેતના, આપણે પણ બીજા પ્રોફેસરો સાથે સેમિનારોમાં,એજ્યુકેશન બોર્ડની કે પરીક્ષાબોર્ડની મિટિંગોમાં નથી જતાં ? કાલે ઊઠીને કોઈ તારી કે મારે માટે આવી ફાલતુ,પાયા વગરની વાતો કરશે તો તને ગમશે ? ચાલ, ગોસીપ બંધ કર.'

ચેતના મને કહે,'તારી જગ્યાએ હું હોત તો રૂપલને ફોન કરીને કહી જ દેત,'ભાઈ,તારા વરનું ધ્યાન રાખજે. એ પણ સમાજસેવા જ છે ને ?'

'અરે સુધા,હમણાં રોમાને જોઈ છે '

રોમા એટલે અમારી બીજી કોમન ફ્રેન્ડ.તેણે અમારી કૉલેજની કૉમ્પ્યુટર લેબમાં થોડાં વર્ષ ઈન્સ્ટ્રક્ટર તરીકે પણ કામ કર્યું હતું. પહેલેથી જ ખાસ્સી ફૅશનેબલ,વળી પૈસેટકે ખાસ્સી સુખી અને સ્વભાવની સરળ.

ચેતનાએ હવે રોમાપુરાણ શરૂ કર્યું.: 'રોમાને તો પૈસો માથે ચડી ગયો છે.એના વરે કાળા-ધોળાં કરીને, યેનકેન પ્રકારેણ, જાતજાતની લાગવગથી અને લાંચરુશ્વતથી થોડા જ સમયમાં ઘણો પૈસો ભેગો કરી લીધો છે.એમાં તો રોમાને પૈસાનો નશો ચડ્યો છે.મુંબઈ જઈને શોપિંગ કરે છે.ઘરમાં જીમ બનાવ્યું છે ને પર્સનલ ઈન્સ્ટ્રક્ટર રાખ્યો છે.બોલ!પોતાના સગાઓને ક્યારેય રૂપિયોય પરખાવતી નથી અને જાત માટે દર મહીને હજારો રૂપિયા ખર્ચી કાઢે છે.'

'ચેતના, તને રોમા વિષે આવી રજેરજ માહિતી કોણે આપી ?' મારાથી પૂછ્યા વગર ન રહેવાયું.

'લે, એમાં શું ? મારો ડ્રાઈવર અને રોમાની બહેનનો ડ્રાઈવર મિત્રો છે.એ લોકો અંદરઅંદર વાતો કરે છે ! મારા ડ્રાઈવરે જ મને બધું કહ્યું.'

મને ખરેખર ખબર નથી કે ચેતનાનો ડ્રાઈવર વાતને વળ ચડાવીને શું આડુંઅવળું બકી ગયો હશે ! પણ જ્યાં સુધી હું રોમાને ઓળખું છું,તે ખૂબ જ ખાનદાન,ભર્યા ઘરની ગર્ભશ્રીમંત છોકરી છે. પહેલેથી જ શોખીન છે.ચેતનાની વાત કદાચ થોડે-ઘણે અંશે સાચી હશે,પરંતુ ફૅશન પ્રમાણે રહેવું, તૈયાર થવું અને લેટેસ્ટ સ્ટાઈલ અપનાવવી એ ગુનો છે ? રોમા પોતે વાર-તહેવારે મારી ઑફિસ આવીને, તેનાં બાળકોના જન્મદિવસે, તેના સાસુ-સસરાની તીથિએ, સપરમા દિવસોએ નાની-મોટી રકમ લખાવી જાય છે. વળી ક્યારેય પોતે આપેલ રકમનું ઢોલ પીડતી નથી.સડસડાટ આવે, ચેક કે કેશ આપે,રસીદ લઈને કોઈની પણ સાથે આડીઅવળી વાતો કર્યા વગર શાંતિથી જતી રહે-સાયલન્ટ ડોનર. વળી તેણે પોતાનાં નજીકનાં સગાં-સંબંધીઓને પણ મકાન, દુકાન, ફ્લૅટ લેવામાં મદદ કરી છે. તેની નણંદના બન્ને દીકરા તેની જ મદદથી ફોરેનમાં ભણે છે. મને તેની નણંદે જ કહ્યું હતું,પણ ચેતના જેવા ચૂગલીખોર લોકોને કોણ સમજાવે ? કમળાવાળાને બધું પીળું જ દેખાવાનું.

હવે હું ચેતનાની વાતોથી કંટાળી હતી.તેથી ઊભી થવા જ જતી હતી.ત્યાં તેણે ફરી ચાલુ કર્યું.

'જાનકી મળી હમણાં ? બિચારી ખરેખર ભોળી છે, નહીં ? હું તો ભોળપણ અને મૂર્ખામીને સરખા જ ગણું છું. શું કહે છે સુધા ?'

બીજાના મોમાં આંગળાં નાંખીને બોલાવવાનું અનેક લોકોના સ્વભાવમાં હોય છે. પછી એ વાત મીઠુંમરચું ભભરાવીને તેવા લોકો તમારા નામે આગળ વધારે. ચેતના વાતમાં વધારે મોણ નાખે તે પહેલાં હું ઊભી થઈ ગઈ, પણ જતાં પહેલાં મારાથી બોલ્યા વગર ન રહેવાયું.

'ચેતના, ભોળા હોવું અને ભોટ હોવું એમાં મોટો ફરક છે. નાનાં બાળકોમાં ભોળપણ હોય છે-'ઈનોસન્સ' હોય છે.' જ્યારે આપણા મોટાઓમાં 'ઈગ્નોરન્સ' હોય છે. અપૂરતી માહિતી,ઠાલા શબ્દો, વ્યર્થ વચનો,'ખોબલો ખાલીપો. યુવાન થતામાં જ બાળ સહજ ભોળપણ આપણે કોણ જાણે કેમ,પણ ગુમાવી બેસીએ છીએ અને ચૂગલખોર બની જઈએ છીએ. આપણે ત્રાજવાં અને કાટલાં લઈને બધાંને તોલવા બેસી જઈએ છીએ.મેં તો કેટલાંય કુટુંબોને કૂથલીને કારણે કંકાસમય બનતાં અને ભાંગતાં જોયાં છે. અને હા, તું જ્યારે કોઈના વિષે ખોટું બોલતી હોઈશ, ત્યારે તારા વિષે પણ ક્યાંક સાચું-ખોટું બોલાતું જ હશે. લોકોને પણ આવા બધા ગપગોળા સાંભળવા ગમતા હોય છે. પરંતુ ચૂગલીખોર વ્યકિતઓને અંદરખાનેથી સહુ ધિક્કારે છે. Why can't we mind our own business, ચેતના ?'

(સૌજન્ય : 'તમે જ તમારું અજવાળું' નામક પુસ્તકમાંથી સાભાર)

● ● ● ● ●

## લેટર ટુ માય ફાધર

રંજના હરીશ

વિશ્વ વિખ્યાત જર્મન લેખક ફ્રેન્ઝ કાફકા (1883 થી 1924 ) ને લગ્ન ફોબિયા હતો.પોતાની ૧૮ વર્ષની ઉંમરથી તે સતત સ્ત્રીઓના પ્રેમમાં પડતો,હરતો ફરતો,તેમને ઉત્કટપણે ચાહતો,પરંતુ સંબંધમાં સ્થિરતા લાવવાના અણસાર હોય કે તરત તે બેચેન બની જતો અને છેવટે સંબંધ ફોક કરીને ભાગી છૂટતો. તેણે ત્રણ-ત્રણ વાર સગપણ કરેલાં અને તોડેલાં. એકવાર તો એક જ સ્ત્રી (ફેલિસ) સાથે તેણે ત્રણ વાર સગપણ કરેલાં.

ત્રીજી વારનું સગપણ તોડતાં પહેલાં કાફકાને ટી.બી. છે તેવું ડોકટરી નિદાન થતાં તેણે એ સંબંધને રોગના બહાના તળે તોડી નાખેલું.ફેલિસ સાથે અંતિમ વારનું સગપણ તોડવાનો કાફકાનો નિર્ણય તેની પ્રેમિકા માટે અત્યંત દુઃખદ હતો અને તેથી તેણે પોતાની બહેનપણી ગેટી બ્લોચને પોતાના પ્રેમીને સમજાવવા તે જ્યાં વસતો હતો ત્યાં પ્રાગ મોકલી. ગ્રેટી સાથેની કાફકાની મુલાકાતોનું પરિણામ વિચિત્ર હતું. તેને સમજાવવા માટે ગયેલી ગ્રેટી તેના પ્રેમમાં પડી ગઈ અને થોડા મહિના કાફકા સાથે રોકાઈ ગઈ અને ત્યાર બાદ કોઈ જાતની આગ્રહ વગર ચાલી ગઈ. સુખદ સ્વપ્નની જેમ કાફકા તેને જીવનભર સ્મરતો રહ્યો.

ઉપરોક્ત પ્રસંગ બાદ કાફકાના જીવનમાં એક નાનકડા રેસ્ટોરન્ટમાં વેઈટ્રેસનું કામ કરતી લગભગ અશિક્ષિત જેવી જુલી વ્હોરીજેક પ્રવેશી. કાફકાને ઉતાવળ હતી. ઘડિયાં લગ્ન લેવા માટે તેણે દોડાદોડ કરવા માંડી, પરંતુ આ વખતે કાફકાના પિતાએ આ સંબંધોનો જોરદાર વિરોધ કર્યો.પરિણામે જીવનભર કોઈપણ સ્ત્રીની જવાબદારી લેવાના વિચારમાત્રથી ગભરાઈ જતો. ભાગેડુ કાફકા પિતા તથા સમગ્ર પરિવારથી વિરુદ્ધ થઈ ગયો. વિખવાદના આ ગાળમાં તેણે પોતાના પિતાને સંબોધીને જર્મન ભાષામાં 86 પૃષ્ઠનો એક દીર્ઘપત્ર લખ્યો (લેટર ટુ માય ફાધર-1919). આ પત્ર કદાચ વિશ્વનો એકમાત્ર પત્ર હશે જેમાં પિતા-પુત્રના નકારાત્મક સંબંધોની તલસ્પર્શી છણાવટ થઈ છે. પિતાના દબદબાપૂર્ણ આતતાયી વ્યકિતત્વને આ પત્રમાં કાફકાએ પોતાના એગ્નોર્મલ જીવન માટે જવાબદાર લેખ્યું.

પોતાના કૃતિત્વ દ્વારા સાહિત્યવિશ્વમાં પોતાની અમીટ છાપ છોડી જનાર ફ્રેન્ઝ કાફકાના ઉપરોક્ત દીર્ઘ પત્રના અંશો પ્રસ્તુત છે.

પ્રિય પિતાજી,

થોડા વખત પહેલાં તમે મને પૂછેલું કે, હું તમારાથી આટલો બધો કેમ ગભરાઉં છું ? આવો વિચિત્ર કેમ થઈ ગયો છું ? તેનો જવાબ તે વખતે મારી પાસે નહોતો. કદાચ એ જવાબ શોધવા માટે મારે મારા જીવનની જૂની સ્મૃતિઓ અને વિગતોમાં જવું પડે તેમ હતું.... વળી જવાબ આપું તો આપણા સંબંધો વધુ વણસે તેવી શક્યતા પણ ખરી...પણ હવે ઘણું વિચારતાં હું શોધી શક્યો છું કે, તમારી ધાક અને મારી તમારા પ્રત્યેની બીકનાં મૂળ, મારી સમજણ તથા સ્મરણશક્તિથી પણ ઊંડાં છે.

તમારે મન આખા કુટુંબમાં તમે એકમાત્ર સાચા હતા, સફળ હતા,પરિશ્રમી હતા અને તેથી તમારો મારા જેવા નબળા બાળકને દબડાવતા રહેવાનો પૂરો અધિકાર હતો. તમારો દીકરો હોવા છતાં હું તમારાથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિનો હતો.તમે ઉગ્ર તો હું શાંત, તમે બળવાન તો હું નિર્માલ્ય,તમે સાક્ષાત્ સ્વાસ્થ્યનું પ્રતીક તો હું અસ્વસ્થતાનો નમૂનો. ટુંકમાં, આપણો કોઈ મેળ જ

નહોતો. તેમાં વળી તમારું હૃદય પુષ્ટ શરીર જોઈને મને બીક લાગતી...નાનપણમાં ડાઈનીંગ ટેબલ પર પરિવારના બધા સભ્યો હરફેય બોલતા નહીં. તમે જે વાનગીને અડો તેને સ્પર્શવાની હિંમત સુદ્ધા તેઓ કરતા નહીં.... મને તો એમ જ થયા કરતું કે,આ રાક્ષસી પુરુષ મારા જેવા મગતરાને ક્યાંય કચડી નાખશે... હાશ, એવું કંઈ ન બન્યું પણ જે બન્યું તે તમારા પગ તળે કચડાવવા કરતાં પણ વધુ ખરાબ હતું.તમારા ભારે અહંકારે મારો 'હું' મિટાવી દીધો !

મને યાદ છે, હું નાનકડો ત્રણ વર્ષનો હોઈશ. રાત્રે મને પુષ્કળ તરસ લાગી અને મેં રડવા માંડ્યું. મારો રડવાનો અવાજ સાંભળીને તમે આવ્યા.મને માના ખોળામાંથી ઉપાડીને શિયાળાની કડકડતી ઠંડી રાતમાં તમે મને ભોંય પર મૂકીને દરવાજો બંધ કરી દીધો. તમે જીતી ગયા. હવે હું પાણી માગતો નહોતો, રડતો નહોતો.મને તમારી એવી તો બીક લાગતી કે હું ભગવાનને પ્રાર્થના કરતો કે આ રાક્ષસી પડછંદ માણસ, જે મારો પિતા છે તેને મારા રૂમમાં ન મોકલીશ. તે મને બારીમાંથી બહાર ફેંકી દેશે.

તમારા પ્રત્યેની મારી આવી ભાવના વર્ષો સાથે ઉત્તરોત્તર વધતી ગઈ અને હું સાવ બીકણ, અશક્ત, દબ્બુ અને એબ્નોર્મલ બનતો ગયો.મને જરૂર હતી એક થોડા અમથા પ્રેમની,સહાનુભૂતિની, ધીરજની,મૈત્રીની પરંતુ મારું સારું ઈચ્છવાના બહાના હેઠળ તમે મને તદન વિપરીત દિશામાં ધકેલતા ગયા....પોતાનાથી દૂર, દૂર, દૂર....મારા શરીરની સાથોસાથ મારા મન અને બુદ્ધિ પર પણ તમારો જાપ્તો હતો.

તમે જાણે મારા સમગ્ર જીવનના એકચક્રી રાજા હતા અને હું તમારી નજરમાં તદન પાંગળો,મૂર્ખ અને ગાંડો હતો...જીવનભર કોઈપણ બાબતે તમારી સાથે અસંમત થવાનું તો મારું ગજું જ ક્યાંથી હોય ? અરે, હું તો તમારી હાજરીમાં સરખું બોલી શકતોય નહીં.મારી જીભ થોથવાતી. વખત જતાં બોલવાનું લગભગ બંધ જ થઈ ગયું. મને તમારાથી દૂર ભાગી જવાનું મન થતું.જ્યારે તમે તમારા આવા વર્તનને પૈતૃક લાગણીમાં ખપાવતા,મારા જેવો માણસ શું પરણવાનો હતો તેમ તમે માનતા.... મેં પસંદ કરેલ બન્ને કન્યાઓ ખૂબ સારી હતી, પરંતુ તમારા ભય તળે વિકસેલા મારા વિચિત્ર વ્યકિતત્વને લીધે મેં તે બન્નેને નિરાશ કરી. હવે ત્રીજી માટે તમે ના પાડો છો.મારે શું કરવાનું ?

હું કેમ ન પરણ્યો ? ઘણા મને પૂછે છે,ન પરણવાનાં ઘણાં કારણ હતાં.પણ મુખ્ય કારણ હતું તમારી ધાક તળે કચડાઈ ગયેલ મારા વ્યકિતત્વનું. હું સમજતો હતો કે લગ્ન એટલે એક એવી જેલ કે જે તોડીને માણસ સતત ભાગવા પ્રયત્ન કરતો હોય છે. સાથોસાથ હું એ પણ જાણતો હતો કે જો સફળ થાય તો લગ્ન એટલે એવો આવાસ જેમાં વસી જઈને કારાવાસ પણ આનંદમહેલમાં પરિવર્તન થઈ શકે.... પરંતુ તમારી સાથેના મારા દુઃખદ સંબંધોએ મને ભાગેડુ બનાવી દીધો છે. હું જાણું છું આ પણ એક ગાંડપણ જ છે...આ પત્રનો મુખ્ય હેતુ આપણા, પિતા-પુત્ર વચ્ચેના, સંબંધોનું પૃથક્કરણ અને તેનો મારા જીવન પર પડેલો ખોટો પ્રભાવ જ છે.

લિ. તમારો પુત્ર ફ્રેન્ઝ કાફકા

પોતાના જીવન પૃથક્કરણ સાથે લખાયેલ આ દીર્ઘ પત્રે કાફકાનો ઘણો સમય લીધો, પરંતુ તેણે આ પત્ર પિતાને પહોંચતો જ ન કર્યો ! હિંમત હોય તો ને ! તેને તો એટલીય શ્રદ્ધા નહોતી કે તેણે સર્જેલ અમર કૃતિઓ પ્રકાશિત થવાને લાયક હતી ! કેવું દુર્ભાગ્ય કે કાફકાની કૃતિઓ તેના મૃત્યુ બાદ પ્રકાશિત થઈ ! અને આ કૃતિઓએ લેખકને અમર બનાવી દીધો.આ બધી કૃતિઓની જેમ 1919 માં લખાયેલ ઉપરોક્ત પત્ર કાફકાના મૃત્યુ બાદ એક પુસ્તિકારૂપે પ્રગટ થયો.

* * *

'અમરઆશા' ૪૦૪, સરસ્વતીનગર,
આંબાવાડી વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫.

## સાચા સ્નેહની સમીક્ષા : પ્રતિક્ષા

પ્રણવ પંડ્યા

પ્રતિક્ષા એટલે આંખોથી રસ્તાનાં ઓવારણાં લેવાં!

મિસ્ટર'એ' રેલવે સ્ટેશન પર ઊભા છે. સવારની સ્ફૂર્તિએ રોમેરોમમાં થનગનાટ ઊંજી દીધો છે. અચાનક માઈક પરથી એનાઉન્સમેન્ટ થાય છે કે એમની ટ્રેન બે કલાક મોડી છે.બધો જ થનગનાટ થીજીને ઠીકરું થઈ જાય છે.માઈક પર બૂટ કાઢીને મારવાનું મન થાય છે. છાપાં-મેગેઝિન વંચાઈ ગયાં છે. ગીતો સંભળાઈ ગયાં છે. બે કલાક બે જન્મારા જેટલા લાંબા થઈ જાય છે!

મીસ'બી' બગીચામાં બેઠી છે. હાથમાં ગુલાબ ખીલું ખીલું થાય છે, મનમાં ઈલુ ઈલુ થાય છે. ગમે ત્યારે એનો મિત્ર મળવા આવી શકે, એની આખા બગીચાને જાણ છે ! ત્યાં જ મોબાઈલ સ્ક્રીન પર મેસેજ બ્લીન્ક થાય છે : 'ટ્રાફિકમાં ફસાયો છું. જામ ખૂલતાં વાર લાગશે.મોડું થાશે.' તોડીફોડી નાખવાનું મન થાય છે. મોબાઈલ નહીં,એ તો લેટેસ્ટ છે!) ફૂલ કરમાઈ જાય છે. ઘડિયાળના કાંટાને પેરાલીસીસ થયો હોય એમ માંડ માંડ ચાલે છે !

ઉપરના બન્ને દૃશ્યો કાલ્પનિક છે પણ વાસ્તવિકતામાં વારંવાર જોયેલા,અનુભવેલા છે. મિસ્ટર 'એ' કે મીસ 'બી'ની જગ્યાએ આપણે પણ મુકાયા હોઈએ ઘણીવાર પણ આપણને પણ એ બેઉની જેમ પ્રતિક્ષાનો પાલવ પકડતાં ફાવ્યું નથી.ક્યારેક આપણે સાચો પ્રેમ પામી શકતા નથી,કારણ આપણે સાચી પ્રતિક્ષા કરી શકતા નથી. પ્રતિક્ષાની અવધિ અને ઉત્કટતા જેમ લંબાય છે એમ સાચો સ્નેહ વધુ ગહન બને છે.ક્વચિત પરીક્ષા જેવી લાગતી પ્રતિક્ષા તો સાચા સ્નેહની સમીક્ષા છે, જે મેગ્નીફાઈંગ ગ્લાસની જેમ સંબંધોની નક્કરતાનું નિદાન આપે છે.

પ્રતિક્ષાનું પ્રમાણ અને પદ્ધતિ જુદાં જુદાં હોઈ શકે પણ પ્રતિક્ષામાં સો ટચની પ્રામાણિકતા જરૂરી બને છે. પ્રતિક્ષા એટલે આંખોથી રસ્તાનાં ઓવારણાં લેવાં. આંખોને પાંખો ફૂટે છે અને દૃષ્ટિ પ્રિયજનના પથની પરિક્રમા કરતી રહે છે. કોઈની કેવળ રાહ જોવી એ પ્રતિક્ષા નથી, કોઈ ચેતના ઉત્કટ ઝંખના સાથે કોઈની બંદગી કરે એ પણ પ્રતિક્ષા હોય છે. વેબસાઈટ પર માહિતી લોડિંગ થતાં બફરિંગનો સિમ્બોલ જોઈને ટેબલ પર હાથ પછાડતી વ્યકિતએ કોચમેન અલીડોસાની એપોઈન્ટમેન્ટ લેવાની જરૂર છે.મરિયમના કાગળની કાગડોળે રાહ જોતા કોચમેન અલીને બેવકૂફ માનનારા પોસ્ટ માસ્તર પોતાના પરિવારના પત્રના વિલંબ વખતે અલીની પ્રતિક્ષાને કેવા પૂજવા લાગે છે ! કોઈપણ સ્નેહમંદિરમાં પ્રતિક્ષાની પ્રાણપ્રતિષ્ઠા થવી જ જોઈએ.

આંખોમાં આંસુનાં આસોપાલવ બંધાય કે ના બંધાય હાથથી નેજવાં કરાય કે ના કરાય, પ્રતિક્ષા પદ્ધતિ કે અવધિ પર અવલંબતી નથી.પ્રતિક્ષામાં નેજવાં જેટલી જ અગત્યતા નીજતાની હોય છે અને એટલે જ પ્રતિક્ષા પોતીકી હોય છે, પ્રતિક્ષામાં પ્રોક્સી ન હોઈ શકે ! વળી, પ્રતિક્ષા નિષ્ક્રિયતા પણ નથી જ.કોઈપણ પ્રવૃત્તિની આંગળી પકડી પ્રતિક્ષા ચાલતી રહે અને સ્વયં એક પાવન પ્રવૃત્તિ બનતી રહે. દૃષ્ટિ ગુમાવી બેઠેલા મહાકવિ મિલ્ટન પોતાની પ્રતિભાને વ્યર્થ માની બેસે છે ત્યારે એમની ધીરજ એમને સમજાવે છે અને મોતીની સેર જેવા શબ્દો નીકળે છે : They also serve, who stand and wait ! સાચા મનથી થતી પ્રતિક્ષા સેવાનો દરજ્જો પામી શકે છે. મહાભારત સિરિયલમાં રુક્મિણી શ્રીકૃષ્ણને પત્ર લખે છે ત્યારે એક અદ્દભુત ગીત વાગે છે : 'બિનતી સુનિયે

નાથ હમારી.' આ ગીતમાં પ્રતિક્ષાની પરાકાષ્ઠા આમ રજૂ થઈ છે : 'સતત પ્રતિક્ષા અપલક લોચન.' પરમ પ્રતિક્ષામાં તો આંખો પટપટાવવાની પણ છૂટ નથી. રખે ને પાંપણ બીડાય અને ખોલાય એ નિમિત્તમાત્રમાં પ્રિયજન આવીને ચાલ્યું જાય !

વૃંદાવનમાં રાધાની પ્રતિક્ષા,મેવાડની તપતી રેતમાં મીરાંની પ્રતિક્ષા,પથ્થર થયેલી અહલ્યાની પ્રતિક્ષા, બાણશય્યા પર સૂતેલા ભીષ્મની પ્રતિક્ષા કે આંખોમાં બોરડી ઉછેરતી શબરીની પ્રતિક્ષા. આ બધા પ્રતિક્ષાને પર્વની જેમ ઉજવતા રહ્યા છે.જેટલી પારાવાર પ્રતિક્ષા એટલું જ મધુરું મિલન. ક્યારેક તો જે આનંદ પ્રતિક્ષામાં મળે છે. એ પ્રાપ્તિમાં પણ નથી મળતો. ફના નિઝામી કાનપુરીના આ બે શે'ર સાંભળો :

*'દિન ગુઝર ગયા એતબાર મેં,*
*રાત કટ ગઈ 'ઈખ્તિયાર મેં*
*વો મઝા કહાં વરલે યાર મેં*
*લુત્ફ જો મિલા ઈન્તઝાર મેં.'*

જમાનો ઈન્સ્ટન્ટનો છે.પાંચ મિનિટ તાવડી તપાવવા કરતાં બે મિનિટમાં નૂડલ્સ બાફવા તૈયાર છે બધાં. જ્યાં ફૂડ પણ ફાસ્ટ હોય ત્યાં વહાલ માટે કોણ વેઈટ કરે ! આપણે આજનાં બધાં કામ અત્યારે નહીં, ગઈકાલે જોઈએ છે ! જીવવાનો પણ સમય નથી તો કોઈની પ્રતિક્ષાનો સમય તો પચ્ચીસમો કલાક હોય તો ફાળવી શકાય એવું છે ! પહેલાં પાંચ દિવસે ટપાલ પહોંચતી,પા કલાકમાં તાર પહોંચતા,આજે પાંચ સેકન્ડમાં ઈમેઈલ પહોંચે છે અને એ રીતે આપણી અધિરાઈની ઊંચાઈ વધતી જ જાય છે.

અને છતાં ય પ્રતિક્ષા તો કરવી જ પડે છે. કેરીનો દાબો નાખ્યા પછી કલાકે કલાકે જોનારાને કાચા દાબડા ખાવાનો જ વારો આવે ! પરિશ્રમની જેમ પ્રતિક્ષાનો પણ કોઈ જ વિકલ્પ નથી. પાનખરમાં વૃક્ષના બધાં પાન ખરી જાય છે.ત્યારે પણ વૃક્ષની પ્રતિક્ષા લીલીછમ રહે છે. નવા પાન તો ફૂટતા નથી, પણ કોઈ પંખી આવીને સૂકી ડાળ પર માળો બાંધે છે. એ રીતે વૃક્ષની પ્રતિક્ષા ટહુકાના સંતોષને પામે છે.

નાનકડી કૂંપળથી ખૂલ્લા ખેતરો વરસાદની પ્રતિક્ષામાં પ્રવૃત્ત છે.આકાશમાં શરૂ થયેલી વાદળીની હડિયાપાટી દર્શાવે છે કે પ્રતિક્ષાની પૂર્ણતા નજીકમાં છે. ધરતી અને આકાશનું ભીનું ઐક્ય હાથવેંત છેટું છે ! સ્ટેશન પર જેમ વાતાનુકૂલિત પ્રતિક્ષાખંડ હોય, એમ આપણી અંદર પણ આપણી જાત અનુકૂળ પ્રતિક્ષા માટે પગભર થઈએ.

**ચાર્જિંગ પોઈન્ટ**

*મારો સમય તમારી પ્રતિક્ષા બની ગયો,*
*હું તો હજી ઊભો જ છું, રસ્તો વહી ગયો.*
*તારા સ્મરણની એક ક્ષણ ટહુકી ઊઠી અને*
*ઘરની સફેદ ભીંત પર થાપો પડી ગયો.*

- હર્ષદ ત્રિવેદી

(સૌજન્ય : 'કપોળ સમાજ દર્પણ)

**<u>મે મહિનામાં આવતા આરોગ્ય દિવસો</u>**

૧ મે, વિશ્વ અસ્થમા દિવસ, ૨ મે, આંતરરાષ્ટ્રીય બહેરાશ જાગૃતિ દિવસ, ૭ મે, મૂત્રાશય કૅન્સર જાગૃતિ દિવસ, ૮ મે, વિશ્વ રેડક્રોસ દિવસ અને વિશ્વ થેલેસેમિઆ દિવસ, ૧૨ મે, વિશ્વ ક્રોનિક થાક સિન્ડ્રોમ દિવસ અને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ, ૧૫ મે, આંતરરાષ્ટ્રીય કાંગારુ સંભાળ દિવસ અને આંતરરાષ્ટ્રીય સુવિધાઓ દિવસ, ૨૮ મે, આંતરરાષ્ટ્રીય મહિલા આરોગ્ય ક્રિયા દિવસ,૩૧ મે, વિશ્વ તમાકુ વિરોધી દિવસ.

બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ, માહિતી અને સંદર્ભ કેન્દ્ર, સદ્‌વિચાર પરિવાર આરોગ્ય વિષયક જુદા જુદા દિવસોની ઉજવણી નિમિત્તે નિષ્ણાત તબીબો દ્વારા લોકભોગ્ય ભાષામાં લેખો તથા જુદી જુદી પ્રાપ્ત માહિતી માટે શ્રી જપન દવે મો.નં. ૯૮૭૯૯૫૭૭૧૫ પર સંપર્ક કરવો.

# સમાજની અસમાનતા ક્યારે દૂર થશે ?

કરસનભાઈ પટેલ

આટલી બધી અસહ્ય મોંઘવારી અને બેરોજગારી છે તો પણ લોકોને મોંઘવારી અને બેરોજગારી જરાય નડતી નથી એવું લાગે છે. જો કે ગરીબી રેખા નીચે જીવતા લોકોને તો જીવન જીવવું જ દોહ્યલું થઈ ગયું છે. ઘણા ભણેલા ગણેલા શિક્ષિત લોકો બેકાર ફરે છે.તેમના માટે સરકારી નોકરી તો છે જ નહિ.જેને ખાનગી નોકરીઓ છે તેમનો પગાર પણ માંડ પાંચ હજારથી માંડીને દસ-પંદર હજાર રૂપિયા હોય છે. હવે એટલા પગારમાં તે પોતાના પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવે ?ઘરમાં તે બે માણસો,બે બાળકો અને મા-બાપ હોય તેમાં શું પૂરું થાય?અનાજ, શાકભાજી, દૂધ, છાશ, કપડાં,ભણવાની ફી,આરોગ્ય વિષયક દવા તથા હૉસ્પિટલ ચાર્ટ કેટલું બધું મોઘું ? પૈસાની બચત તો એક બાજુ રહી પણ ક્યારેક દેવું પણ થતું હોય છે. તેઓની જીવનશૈલી કરકસરપૂર્વકની હોય છે.ખાવાનું માંડ પૂરું થાય.ભારતમાં કેટલાય ગરીબ લોકો એવા છે જેમને બે ટંક ખાવાનું પણ મળતું નથી. કેટલાક ભૂખ્યા સૂઈ જાય છે, તેમને પહેરવા પૂરતાં કપડાં પણ નથી.રહેવાનું પોતાનું ઘર નથી.ભાડાના મકાનમાં રહે છે, કેટલાક લોકો રસ્તા પર ઝૂંપડાં બનાવીને તેમાં રહેતા હોય છે.તેમને જોતાં જ તેમના પર દયા આવે એવી પરિસ્થિતિ ઘણી જગ્યાએ જોવા મળે છે.તે જોતાં જ દિલ કંપી ઊઠે છે.જ્યારે બીજી તરફ લોકો આલિશાન મહેલોમાં રહે છે. આ મહેલોની કિંમત કરોડોમાં હોય છે. કેટલાંય ફોર વ્હીલર્સ હોય છે. તે રોજ રોજ કીમતી વસ્ત્રો પરિધાન કરે છે. પૈસા તો પાણીની જેમ વાપરી નાખે છે. પોતે લગ્ન જેવા પ્રસંગો ઠાઠથી જાજરમાન રીતે ઉજવે છે.પોતે બહુ જ ધનિક છે તેવું પ્રદર્શન કરે છે.લગ્નમંડપ જુઓ તો જાણે વિશ્વકર્મા ભગવાને બનાવ્યો હોય તેવો શોભી ઊઠે છે. ખાવાની વાનગીઓ જુઓ તો કેટલાય પ્રકારની હોય છે. આપણને તો તેનાં નામ પણ આવડતાં નથી.સાથે ઘણી જાતનાં નાસ્તા,પાણીપૂરી,જુદી જાતના આઈસ્ક્રીમો,જુદા જુદા મુખવાસો પણ હોય છે.વર કન્યા અને જાનૈયાનાં કીમતી કપડાં જોઈને જ અંજાઈ જવાય. કેટલાય રૂપિયાના દારૂખાનાનો ધૂમાડો થઈ જાય.બેન્ડવાજાં,ગરબા પાર્ટી અને લગ્નપવિત્ર કંકોત્રીની વાત જ શું કરવી ? પચાસ વર્ષ પહેલાં હજારમાં. પાંચ વર્ષ પહેલાં લાખમાં અને હવે તો લગ્ન કરોડમાં થાય છે. સમાજની આ અસમાનતા વિષમતા ક્યાં લઈ જશે ? પૈસાદાર દિનપ્રતિદિન પૈસાદાર જ થતો જાય છે ને ગરીબ દિનપ્રતિદિન ગરીબ જ રહે છે.ધનિકો તો ખાવાપીવામાં ને રહેવામાં જલસા કરે છે.ગરીબોને તો ઘી તો શું તેલનું ટીપુંય મળતું નથી.ભૂખ્યા ગરીબ લોકોનો જઠરાગ્નિ જ્યારે જાગશે ત્યારે શું દશા થશે ? આ ધનિક લોકોને ગરીબોની હાય જરૂર લાગશો તે જ્યારે ભૂખ્યો ટળવળે છે ત્યારે ધનિકોને મોજ મઝા-જલસા કરતા જુએ છે ત્યારે તેને શું થતું હશે ? તે એક વિચાર માગી લે તેવો પ્રશ્ન છે.ગરીબો કોઈ એક સમાજમાં જ હોય છે એવું નથી. બધા સમાજોમાં આર્થિક રીતે પછાત ગરીબો તો હોય છે પણ કોઈ તેની દરકાર કરતું નથી, તેની સામે કોઈ જોતું પણ નથી.આવી ગંભીર પરિસ્થિતિ અંગે આપણે સૌએ ગંભીરતાથી વિચારવું પડશે. સમાજમાં જે લોકો ગરીબ છે તેનાં બાળકોને મફત ભણાવવાની સમાજ તરફથી વ્યવસ્થા થવી જોઈએ. તેના પરિવારને કપડાં તથા ખાવા-પીવા માટેની મદદ મળવી જોઈએ. તેનાં સંતાનોને શિક્ષણ અને ક્ષમતા પ્રમાણે નોકરી પણ આપવી પડશે. તેમના લગ્ન પ્રસંગો કે બીજા પ્રસંગો

સાદાઈથી થાય તેમાં સહકાર આપવો જોઈએ.આપણો ભાઈ ગરીબાઈમાં જીવતો હોય,દુબળો હોય અને આપણે ધનિકો મોજમઝા-જલસા,એશઆરામ કરીએ તે જરાય શોભાસ્પદ તો નથી જ.

અમદાવાદની આસપાસ સરદાર પટેલ રીંગ રોડ બન્યો. તેની આસપાસની જમીનવાળા ખેડૂતો-ખાતેદારો ખૂબ સુખી છે. તેઓ સુખી છે. તેનો આપણને સૌને આનંદ છે. પણ અમદાવાદથી ૩૦-૪૦ કિલોમીટર કે તેથી વધારે દૂર જતા જઈએ તેમ ખેડૂત જરાય સુખી નથી. તેને તો 'એક સાંધો ને તેર તૂટે 'તેવી પરિસ્થિતિ છે ત્યાં ખેડૂતોને જરૂર પૂરતી થોડી જ જમીન છે.તેની કિંમત પણ બહુ નથી. તેમાં કાંઈ પરવડે તેવું પાકતુંય નથી. ખેતીમાં પાણી, વીજળી, બિયારણ ખેડવાનું ખર્ચ,પાક લેવાનું ખર્ચ પણ પોષાતું નથી.એટલે સરવાળે તો જેટલું રોકાણ કર્યું હોય તેટલું પાકતુંય નથી. એટલે ઘણા ખેડૂતો પોતાની જમીન પડતર રહેવા દે છે. આ પડતર જમીન કોઈ ભાગથીયે વાવવા તૈયાર નથી.ખેતીનો આધાર કુદરત પર રહેલો છે. જો ખૂબ વરસાદ પડે તો ખેતીમાં નુકસાન થાય. ઘણીવાર તો એકનો એક પાક બે-ત્રણ વાર વાવીએ તો જ સુધરતો હોય છે. જ્યારે આવું થાય ત્યારે ખેડૂતને દેવું થાય કે બીજું કાંઈ ? જો વરસાદ ઓછો પડે તો દુષ્કાળ પડે ત્યારે પણ ખેડૂતને નુકસાન જ થાય છે. નસીબ યારી આપે તો પહેલા વરસાદે પાક વવાઈ જતાં સુધરી જાય છે અને પાક જ્યારે પાકીને તૈયાર થાય ત્યારે તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. ઘણીવાર ખેડૂતો પોતાનાં શાકભાજી રોડ પર ફેંકી દે છે. આવી પરિસ્થિતિમાં ખેડૂત પાયમાલ થઈ જાય છે. તે દેવું થતાં તે આત્મહત્યા કરી લે છે. આ પરિસ્થિતિની આપણે સૌએ સમીક્ષા કરીને છેવાડાના ખેડૂતો પણ આર્થિક રીતે પગભર થાય તેવા સરકારે અને આપણે પ્રયત્નો કરવા પડશે. આપણો દેશ ભારત ખેતીપ્રધાન દેશ છે. મોટાભાગના ખેડૂતો જ રહે છે. અને ખેડૂત જ જો ગરીબ રહે તે કેમ પાલવે ? સરકારે ખેતીને જ પ્રાધાન્ય આપવું જોઈએ. ખેડૂત સુખી થાય તે માટે બિયારણ, જંતુનાશક દવાઓ,પાણી, વિજળી,મજૂરી ખર્ચ,ખેડામણ ખર્ચ,ઉપજ ખર્ચ ઓછું હોય ને પાકના પોષણક્ષમ ભાવો મળે તથા ખેડૂતોને વગર વ્યાજે કૃષિ ધિરાણ મળે, તેમનાં સંતાનોને શિક્ષણ અને આરોગ્યમાં સરકારી મદદ મળે તો જ ખેડૂત સન્માનપૂર્વક જીવી શકશે. અંતે પ્રભુને બતાવીએ છીએ કે...

દેખ તેરે સંસારકી હાલત, ક્યા હો ગઈ ભગવાન
કિતના બેહાલ હો ગયા ગરીબ ઔર કિસાન.

❋ ❋ ❋

'ખોરજ, તા.જિ. ગાંધીનગર

## આરોગ્યનાં સૂત્રો

- રોજ જે ખાય ભાજી, તેની તબિયત તાજી
- જે ખાય મગ, તેના જોરમાં ચાલે પગ
- તુલસીનાં પાન, દિલમાં લાવે જાન
- શિયાળામાં તલ, શરીર કરે ખડતલ
- અળવીનાં પાન, સુંદર બનાવે વાન
- ચાને બદલે ચણા, તો જીવે ઘણા
- ખાંડના બદલે ગોળ, તો હાથમાં આવે જોર
- જો ખાય વાસી ભજિયાં,તો પેટમાં થાય કજિયા !!!
- તાજી મીઠી મોળી છાશ,ભોજન અંતે પીજો ખાસ
- જેનો બગડ્યો ઝાડો, તેને બગડ્યો દહાડો !!!
- જળ, માટી ને ખુલ્લી હવા, કુદરતની એ ઉત્તમ દવા
- મેંદા બેસનનું ફરસાણ, પેટમાં કરે ધમસાણ
- બ્રેડ અને પાંઉ, તબિયત કરે ચાંઉ
- રોટલા, કઠોળ, ફળ ને ભાજી, રોજ ખાનારની તબિયત તાજી
- મહેનત કરીને હકનું ખાય, તેને કદી રોગ ન થાય
- દિવસે ના ઊંઘશો, જમો ન વારંવાર !!!

## 'કર્મણ્યકર્મ યઃ પશ્યેત્'

વિનોદ શાહ

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ચોથા અધ્યાયમાં અઢારમા શ્લોકમાં ભગવાન કર્મોના તત્વને જાણવાવાળા મનુષ્યની પ્રશંસા કરે છે. કર્મ કરતા હોઈએ અથવા ન કરતા હોઈએ તેનાથી નિર્લિપ્ત રહેવું.અર્થાત્ પોતાને માટે કોઈપણ પ્રવૃત્તિ કે નિવૃત્તિ ન કરવી.અમુક કાર્ય હું કરું છું.આ કર્મનું ફળ મને મળે એવો ભાવ રાખીને કર્મ કરવાથી જ મનુષ્ય કર્મથી બંધાય છે.પ્રત્યેક કર્મનો આરંભ અને અંત હોય છે.પરંતુ જીવ પોતે નિત્ય નિરંતર રહે છે.જીવ પોતે, પરિવર્તનશીલ કર્મ અને તેના ફળથી સર્વથા સંબંધરહિત છે. છતાં પણ તે ફળની ઈચ્છાથી તેનાથી બંધાઈ જાય છે.આમ ફળની સ્પૃહા કે ઈચ્છાજ બાંધવાવાળી છે.

ફળની ઈચ્છા ન રાખવાથી નવા રાગ ઉત્પન્ન થતો નથી અને બીજાઓના હિત માટે કર્મો કરવાથી જૂનો રાગ નષ્ટ થઈ જાય છે.આ રીતે રાગ રૂપી બંધન ન રહેવાથી સાધક સર્વથા વિતરાગ બની જાય છે.વિતરાગ બનવાથી સઘળાં કર્મ અકર્મ બની જાય છે.વિતરાગ બનવાથી સઘળાં કર્મ અકર્મ બની જાય છે.જીવનો જન્મ કર્મોના અનુબંધથી થાય છે.જેમકે જે પરિવારમાં જન્મ લીધો છે, તે પરિવારના લોકો માટે ઋણાનુબંધ છે.અર્થાત્ કોઈનું ઋણ ચૂકવવાનું છે અને કોઈનું ઋણ તેની પાસેથી વસુલ કરવાનું છે. કારણકે અનેક જન્મોમાં અનેક લોકો પાસેથી લીધું છે અને અનેક લોકોને દીધું છે.આ લેવા-દેવાનો વ્યવહાર અનેક જન્મોથી ચાલતો આવી રહ્યો છે,તેને ચૂકતે ક્યા વિના જન્મ મરણથી છૂટકારો મળી શકતો નથી. તેને સરભર કરવાનો ઉપાય છે,અગાઉથી લેવાનું બંધ કરી દેવું, અર્થાત્ પોતાના અધિકારનો ત્યાગ કરી દેવો અને આપણા ઉપર જેમનો અધિકાર છે,તેમની સેવા કરવાનો આરંભ કરી દેવો.આ રીતે નવું ઋણ લે નહિ અને જૂનું ઋણ બીજાઓને કામે કર્મ કરીને ચૂકવી દે,તો ઋણાનુબંધ સમાપ્ત થઈ જશે.અર્થાત્ જન્મમરણ ટળી જશે.જેમ કે કોઈ દુકાનદાર પોતાની દુકાન બંધ કરવા ઈચ્છે છે, તો તે બે કામ કરશે.પહેલું જેને આપવાનું છે, તેને આપી દેશે. અને બીજું જેની પાસેથી લેવાનું છે, તે લઈ લેશે, અથવા છોડી દેશે. એવું કરવાથી તેની દુકાન બંધ થઈ જશે.જો એ એવો વિચાર રાખે કે જે લેવાનું છે તે સઘળે સઘળું લઈ લઉં,તો દુકાન બંધ થશે નહિ.કારણકે જ્યાં સુધી તે લેવાની ઈચ્છાથી વસ્તુઓ આપતો રહેશે, ત્યાં સુધી દુકાન ચાલુ જ રહેશે,બંધ થશે નહિ.

પોતાને માટે કંઈ પણ ન કરવાથી અને ન ઇચ્છવાથી અસંગતા આપમેળે પ્રાપ્ત થઈ જશે.કારણકે કારણો અને ઉપકરણો સંસારનાં છે, અને સંસારની સેવામાં લગાડવા માટે જ મળ્યાં છે,પોતાને માટે નહિ.એટલા માટે સઘળાં કર્તવ્ય કર્મો (સેવા,ભજન,જપ,ધ્યાન,સમાધિ પણ)કેવળ સંસારના હીત માટે જ કરવાથી કર્મનો પ્રવાહ સંસાર તરફ ચાલ્યો જાય છે અને સાધક પોતે અસંગ અને નિર્લિપ્ત રહી જાય છે.આ કર્મમાં અકર્મ જોવું કહેવાય.

જ્યાં સુધી પ્રકૃત્તિની સાથે સબંધ છે,ત્યાં સુધી કર્મ કરવું અથવા ન કરવું-બન્નેય કર્મ છે,એટલા માટે કર્મો કરવાં અથવા ન કરવાં-બન્નેય અવસ્થામાં કર્મયોગીએ નિર્લિપ્ત રહેવાનું તાત્પર્ય છે.કર્મોના ત્યાગ કરવાથી અમને માન,આદર,ભોગ વગેરે મળશે-આ પ્રકારની કિંચિંતમાત્ર ઈચ્છા ન થવી.

દુઃખ સમજીને તેમજ શારીરિક કલેશ ના ભયથી કર્મ ન કરવું એ રાજસ ત્યાગ છે અને મોહ,આળસ અને પ્રમાદન કારણે કર્મ ન કરવું એ તામસ ત્યાગ છે.આ બન્ને ત્યાગ સર્વથા ત્યાજ્ય છે, એ ઉપરાંત કર્મ ન કરવું

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

એ જો પોતાની વિલક્ષણ સ્થિતિને માટે હોય,સમાધિનું સુખ ભોગવવા માટે હોય,જીવનમુક્તિનો સાનંદ લેવાને માટે હોય,સમાધિનું સુખ ભોગવવા માટે હોય, જીવનમુકિતનો આનંદ લેવાને માટે હોય, તો આ ત્યાગ દ્વારા પણ પ્રકૃતિ સાથેનો સંબંધ વિચ્છેદ થતો નથી. કારણ કે જ્યાં સુધી કર્મ ન કરવા સાથે સંબંધ તે ત્યાં સુધી પ્રકૃતિ સાથે સબંધ રહે છે. સાથે સર્વથા સંબંધ - વિચ્છેદ થતાં કર્મયોગી કર્મ કરવાં અને ન કરવાં- આ બેઉ અવસ્થામાં જેવો છે તેવો નિર્લિપ્ત રહે છે.

❋ ❋ ❋

૧૮, શ્રદ્ધેય સોસાયટી, સાયન્સ કૉલેજ પાસે,
ગોધરા-૩૮૯૦૦૧. જી. પંચમહાલ.

**જેસીંગભાઈ ભોગીલાલ ચીનાઈ વડીલ માવજત સહાયક તાલીમ કેન્દ્ર**

વિવિધ પ્રકારની બીમારીમાંથી સારવાર લઈને હૉસ્પિટલમાંથી ઘરે આવેલા પથારીવશ દર્દીની સારવાર માટેનાં વિવિધ સાધનો જેવા કે એરબેડ, ફાઉલર બેડ, વ્હીલચેર ફોલ્ડીંગ, કમોડ વ્હીલચેર, ઓક્સિજન સિલીન્ડર, સક્શન મશીન, નેબ્યુલાઈઝર મશીન, વોકર, વોકીંગ સ્ટીક, બેક રેસ્ટ સ્ટેન્ડ, કમોડ ચેર, બેડપાન, યુરીન ટબ, વાતાકૂલિત કોફિન, કમોડ સ્ટુલ વાજબી ભાડાથી દર્દીઓના સગાંને આપવામાં આવે છે.

સદ્‌વિચાર પરિવાર આવા વાજબી ભાડેથી સાધનો આપવાની સેવા તો વર્ષોથી જ કરે છે. પરંતુ હવે આ સાધનો લઈ જઈને તેનો ઉપયોગ વ્યવસ્થિત કેવી રીતે કરવો તેની સામાન્ય માહિતી અને તાલીમ વિડીયો દ્વારા આપવામાં આવશે.

**સદ્‌વિચાર પરિવાર અને અંબુજા સીમેન્ટ ફાઉન્ડેશન સંચાલિત**

- વડીલ માવજત સહાયક તાલીમ કોર્સનો ટૂંક સમયમાં પ્રારંભ તેમજ
- આરોગ્યલક્ષી સેવા-સહાયક કોર્સની શરૂઆત પણ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના સહકારથી થશે.

**સદ્‌વિચાર પરિવાર શાંતિલાલ સેજપાલ વડીલ માવજત કેન્દ્ર**

- વડીલોની નિયમિત શારીરિક તપાસ માટેની વાર્ષિક ફી રૂા.૨૦૦/-
- દરેક વડીલ સભ્યોને આરોગ્ય અંગેની ફાઈલ આપવામાં આવશે જેમાં આરોગ્ય અંગેની બધી જ વિગતો નોંધી રાખવામાં આવશે.
- વર્ષમાં ચાર વખત સભ્યોને ડાયાબિટીસ, કિડની અને લોહીની નિઃશુલ્ક તપાસ.
- ફૅમિલી ડૉકટરની સેવાઓ સોમવારથી શુક્રવાર બપોરે ૩ થી સાંજે ૫ દરમિયાન નિઃશુલ્ક ઉપલબ્ધ રહેશે.
- ફિઝીશીયન, ઈ એન્ડ ટી નિષ્ણાત, કાર્ડિયોલોજિસ્ટ, ઓર્થોપેડિક સર્જન, ચામડીના રોગોના નિષ્ણાત, ફિઝીયોથેરાપીસ્ટ, ગાયનેકોલોજિસ્ટ, ડાયાબિટોલોજિસ્ટ વગેરેની તજજ્ઞોની જરૂરિયાત મુજબ એપોઈન્ટમેન્ટ દ્વારા વ્યવસ્થા ગોઠવી આપવામાં આવશે.

બીપીએલ કાર્ડ, મા અમૃતમય યોજના અને આયુષ્યમાન ભારત યોજનામાં જોડાયેલ વરિષ્ઠ નાગરિકોની તબીબી તપાસ માટે "શાંતિલાલ સેજપાલ વડીલ માવજત કેન્દ્ર"માં નિઃશુલ્ક સભ્ય બનાવવામાં આવશે. વધુ માહિતી માટે શ્રી અનિલ સોલંકી મો.નં. ૯૧૭૩૬૭૦૮૧૨ તેમજ રિસેપ્શન સેન્ટરના નં.૦૭૯-૨૬૮૬૦૧૯૭ પર સંપર્ક કરવો.

**<u>કોઈપણ જાતના ઘાની સારવારના નિષ્ણાત સર્જનની સેવાઓ હવેથી ઉપલબ્ધ</u>**

સદ્‌વિચાર પરિવાર આરોગ્ય સેવા સંકુલમાં લાંબા સમયથી ન રૂંઝાતા ઘા જેવા કે, બેડસોર (પથારી પર લાંબા સમયથી સુઈ રહેવાને કારણે પડતા ઘા), લોહીની નળીઓના અટકાવ એટલે કે ધમની (આર્ટરી) અને શીરા (વેઈન્સ)ના રોગો તેમજ ડાયાબિટીઝ,ગેંગરીંગ, દાઝવા તેમજ વાગવાને કારણે થતાં ઘાની સારવાર માટેના નિષ્ણાત જનરલ સર્જન ડૉ. રાજેન્દ્રબાબુ અગ્રવાલની સેવાઓ પણ હવે સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે ૧૧-૩૦ થી બપોરે ૧-૦૦ સુધી મેળવી શકાશે. આ ઉપરાંત કોઈ બીજા દર્દની દવા ચાલતી હોય તો પણ તેઓ તેની સલાહ આપશે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

# પૌત્રીની દાદીને અંજલિ

**- ઈશા મનીષ સરૈયા**

વહાલાં દાદી,

આમ તો બધું સારું જ ચાલતું હતું અને દરેક જણ સ્વસ્થ જીવન જીવતાં હતાં ને વળી તમે પણ અમારી આસપાસ જ હતાં ને !....મને જમવા લેવા માટેનો આગ્રહ કરતાં તમે મારા બધાં નખરાંઓને કેવી કુશળતાથી સંભાળી લેતાં હતાં !!!

મારા જીવનનાં ૧૬ વર્ષ શ્રેષ્ઠ બનાવવા માટે કયા શબ્દોમાં તમારો આભાર માનું ? બાળપણમાં તોફાન કરીને તમારી સાડીમાં જ્યારે લપેટાઈને સંતાઈ જતી હતી, ત્યાંથી તે તમારી સાથે મારી ઊંચાઈ સરખાવ્યા કરતી કરતી ને જે દિવસે મારી ઊંચાઈ તમારા કરતાં વધી ગઈ ને આપણાં બંનેનો સૌથી આનંદનો દિવસ !

અને જેમ જેમ હું મોટી થતી ગઈ... જ્યારે ઘરમાં બનાવેલું ભોજન ભાવતું ન હોય ત્યારે મને ગમતાં મિષ્ટાનથી માંડીને ગમતાં શાકભાજી તમે બનાવી આપતાં ! સ્કૂલે જતાં ટિફીન ભૂલી ગઈ હોઉં કે ટ્યૂશને જતાં પૈસા લેવાના રહી ગયા હોય, તમે બૂમો પાડીને પાછી બોલાવીને બધું હાથમાં આપતાં અને એય ધ્યાન રાખતા કે સ્કૂલે કે ટ્યૂશનમાં મોડી ના પડું.

હવે જ્યારે તમે નથી ત્યારે બીજું કોઈ નથી કે જે તમારી જેમ મારી પાછળ દોડીને મારી સંભાળ રાખશે ? બધું બરોબર ચાલતું હતું અને મારી બોર્ડની પરીક્ષાઓ પણ ચાલુ જ થવાની હતી અને ત્યારે તમે એવી તકેદારી રાખી કે હું પરીક્ષાની તાણમાં ન આવું. તમે જ્યારે હૉસ્પિટલમાં હતાં ને આસપાસ શું બની રહ્યું છે તેનો ખ્યાલ ન હોય ત્યારે પણ સૌને તમે મારું ધ્યાન રાખવાની ખાસ ભલામણ કરતાં અને જ્યારે હું તમને મળવા આવતી ત્યારે ઊંડી નિદ્રામાંથી બહાર આવતાં અને કેવાં પ્રેમાળ સ્મિતથી મને ભરોસો અપાવતાં કે બધું સારું થઈ જશે અને મને સારા માર્ક્સ મળશે !

આખરે તમે ૨૯ માર્ચના રોજના સવારે ૭-૦૦ કલાકે ઘરે આવ્યાં અને તમને શાંતિનો અનુભવ થયો. મને યાદ છે કે તમારો પ્રેમાળ ચહેરો અને મને જોઈને એમાં પ્રગટેલું સ્મિત ! દિશા તમારી બાજુમાં જ ઊભેલી અને તમે એને મારું ધ્યાન રાખવાનું કહ્યું. તા.૧-૪-૨૦૧૯ની સવારે જ્યારે મેં તમારા કાનમાં કહ્યું કે, "દાદી, કશી ચિંતા ના કરશો, હું બધું સંભાળી લઈશ ત્યારે તમે પ્રભુને યાદ કર્યા. બપોરે ૩-૫૯ કલાકે જ્યારે તમે અંતિમ શ્વાસ લીધા અને મારી પાડેલી ચીસમાં 'દાદી' સાંભળી તમે જે છેલ્લો પ્રતિભાવ આપ્યો. દાદી...તમે મને બહુ યાદ આવશો...હું પણ તમને વચન આપું છું કે તમને કદી દુઃખ થાય એવું વર્તન કે કામ નહીં કરું. તમે હંમેશાં મારા હૃદયમાં જ રહેશો.



મુ. બહેન કુંજબાળા મહેન્દ્રભાઈ સરૈયાના દેહાવસાન સમયે તેમની પૌત્રી ઈશા દ્વારા અંજલિ

:: સ્થાન સમર્પિત ::

**મનુભાઈ માણેકલાલ શાહ પરિવાર**

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

# સદ્‌વિચાર સમાચાર સેવા

### બીના શ્રેયસ પંડ્યા આરોગ્ય, શિક્ષણ અને માહિતી સંદર્ભ કેન્દ્ર સદ્‌વિચાર પરિવાર અને લાફિંગ કલબ અમદાવાદ (ઈન્ડિયા)ના ઉપક્રમે આરોગ્ય સેમિનારનું આયોજન

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણ ક. લહેરી અને ઉપપ્રમુખ ડૉ. પંકજ શાહે સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે ટૂંકી માહિતી આપી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

દર મહિને ઉંમરલાયક જાહેર આરોગ્યની સમસ્યાઓ માટેની યોજાતી પ્રવચનશ્રેણીના અનુસંધાનમાં તા.૭-૪-૨૦૧૯ના રોજ ચોથા વર્ષનું સાતમું પ્રવચન 'ફેફસાંના રોગ' ઉપર ડૉ. જય મહેતા અને ડૉ. વૈશાલ શેઠે પીપીટી પ્રેઝન્ટેશન માહિતી તેમજ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં હાજર શ્રોતાઓના પ્રશ્નોના બંને ડૉકટરોએ ખૂબ સંતોષપૂર્વક જવાબ આપ્યા હતા.

દર વખતની પરંપરા મુજબ આ કાર્યક્રમમાં ડૉ. કુસુમબહેન શાહ અને ડૉ. નરેશભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં લાફિંગ કલબના પ્રણેતા ડૉ. મુકુંદભાઈએ આ વિષય ઉપર અન્ય માહિતી આપ્યા બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

### લગ્ન પ્રસંગે વહેંચવા માટે સદ્‌વિચાર પરિવારે પ્રકાશિત કરેલ ''કૃર્યાત્ સદા મંગલમ્'' નામક પુસ્તિકા

શુભલગ્ન પ્રસંગે સહજીવનયાત્રા શરૂ કરતાં નવયુગલને સ્વજનોના શુભાશીર્વાદ મળે તે માટેના સત્કાર-સમારંભો યોજાતા હોય છે ને તે વખતે સ્વજનો ચાંલ્લામાં કવર કે ચીજ વસ્તુની ભેટ આપી આશીર્વાદ આપ્યાનો સંતોષ માણતાં હોય છે, પરંતુ તેમાં મોટે ભાગે આપ-લેનો વ્યવહાર જ હોય છે.

તાજેતરમાં સદ્‌વિચાર પરિવારે નવી આવૃત્તિમાં પ્રકાશિત કરેલ 'કુર્યાત્ સદા મંગલમ્' નામક પુસ્તિકા તૈયાર કરી છે જે આપને ત્યાં શુભલગ્ન પ્રસંગ આવે ત્યારે તેમજ આપ કોઈકને ત્યાં આવેલા શુભલગ્ન પ્રસંગે યોજેલા સત્કાર-સમારંભોમાં જાઓ ત્યારે આ પુસ્તિકા આપ ભેટ તરીકે અથવા તો સ્વજનોને વહેંચી શકો છો.

આ પુસ્તિકા મંગાવવા માટે આપ સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરી શકો છો. આ પુસ્તિકાની કિંમત એક નંગના રૂા.૧૫ પ્રમાણે રાખવામાં આવી છે. લગ્ન પ્રસંગે ૫૦૦ કે તેથી વધારે ગુણાંકમાં વહેંચવી હશે તેમને યોગ્ય વળતર આપવામાં આવશે.

### સદ્‌વિચાર પરિવાર : મહિલા ઉત્કર્ષ કેન્દ્ર

સદ્‌વિચાર પરિવાર સંચાલિત મહિલા ઉત્કર્ષ કેન્દ્ર દ્વારા માર્ચ મહિનામાં બે તાલીમની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

૧૧ માર્ચના રોજ જ્વેલરી બનાવવાની તાલીમ ગોઠવેલ હતી.૭ દિવસની આ તાલીમમાં કુલ ૧૭ બહેનોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં બહેનોએ પાલડી જ્વેલરીના સેટ, બ્રેસલેટ, બુટ્ટી, વગેરે બનાવતા શીખવ્યું હતું.

૨૫ મી માર્ચના રોજ એક દિવસીય શરબત બનાવવાની તાલીમ કરી તેમાં કુલ ૨૪ બહેનોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં વિષય નિષ્ણાંત ઝલકબહેન મહેશ્વરીએ વિવિધ જાતના શરબત બનાવતા શિખવ્યું હતું. બહેનોએ ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો.

૧ એપ્રિલના રોજ મહેંદી તાલીમની ગોઠવણ કરી કુલ ૨૪ બહેનો આ તાલીમમાં જોડાયા હતા.

Publisher, Printer **PRAVINBHAI K. LAHERI** on behalf of Owner **Sadvichar Parivar,** Printed at **Gujarat Offset Private Ltd.** Station Road, Vatva, Ahmedabad - 382 440 and Published from Sadvichar Parivar, Samarpan Vidhyapith, Near Ramdevnagar Bus Stand, Jodhpur Tekra, Satellite Road, Ahmedabad-380015. GUJARAT

**Editor : PRAVINBHAI K. LAHERI**

# સદ્‌વિચાર પરિવારને આપના સહયોગની પ્રતિક્ષા છે.

## નમ્ર અપીલ

કોઈપણ સેવાકીય સંસ્થા માટે દાન દ્વારા ભંડોળ એકત્ર કરી ચાલુ પ્રવૃત્તિઓને જાળવી રાખી તેનો વ્યાપ વધારવાનો અને નવી સેવાઓ દ્વારા સમાજના જરૂરિયાતમંદ લોકોને સહાયભૂત થવાનું કાર્ય મહત્ત્વનું છે. છેલ્લા થોડા વર્ષોથી અનેક દાતાઓએ ઉદાર હાથે સહાય આપી તેથી આજે સદ્‌વિચાર પરિવારની સેવાઓનો લાભ દર વર્ષે લાખો લોકો સુધી પહોંચે છે. સદ્‌વિચાર પરિવારની કામગીરીને વિશેષ રૂપથી વિકસાવવા માટે નવી સવલતો ઊભી કરવી જરૂરી છે. અમારી જરૂરિયાતોની યાદી આ સાથે રજૂ છે. ઈન્કમટેક્ષની કમલ 80G હેઠળ ૫૦ ટકાના ધોરણે કરરાહતને પાત્ર છે. પ્રોજેક્ટ માટે અપાયેલ દાન કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી (CSR) માટે પણ પાત્ર ધરાવે છે. તાજેતરમાં ઉંવારસદ, તા.જિ. ગાંધીનગરના વિકલાંગ પુનર્વાસ કેન્દ્રને ઓ.એન.જી.સી. દ્વારા વપરાયેલા પાણીના શુદ્ધિકરણ માટે રૂા. ૧૬,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવી છે.

## <u>પ્રકાશન - સભ્યપદ</u>

સદ્‌વિચાર પરિવારની મૂળ પ્રવૃત્તિ સમાજોપયોગી વિચારોનો ફેલાવો કરી સમાજને સંવેદનશીલ અને સેવામાં સક્રિય કરવાની છે. આપ નીચેની બાબતે સહયોગ આપી અમને આભારી કરશો.

- **આજીવન સભ્યપદ : રૂા.૬,૦૦૦/-**

દર મહિને 'સુવિચાર'નો અંક અને વિવિધ કાર્યક્રમ પ્રવૃત્તિની માહિતી મળતી રહેશે. પ્રસંગોપાત પુસ્તકો ભેટ મોકલાશે.

- **સુવિચારનું લવાજમ**

૧ વર્ષ : રૂા.૨૦૦ ૩ વર્ષ : રૂા.૫૦૦ ૫ વર્ષ : રૂા.૮૦૦

- **સદ્‌વિચાર પરિવાર પ્રકાશિત પુસ્તકો**

સદ્‌વિચાર પરિવારમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી અને કિંમત www.sadvichar.org ઉપર ઉપલબ્ધ છે. ખરીદી માટે Email : sdparivar.org@gmail.com પર આપની જરૂરિયાત, પુસ્તકનું શિર્ષક, કિંમત જણાવશો તો વીપીપીથી પુસ્તક મોકલવામાં આવશે તે માટે અલગ ચાર્જ લેવામાં આવશે નહીં.

- **સામાજિક પ્રસંગોએ પુસ્તક વિતરણ :**

સામાજિક પ્રસંગોએ સભા-સેમિનારમાં બહોળા વિતરણ માટેના પુસ્તકોની યાદ.

## <u>અન્નદાન મહાદાન</u>

- **સંત પુનિત ખીચડી પ્રસાદ :**

સોમવારથી શનિવાર દરરોજ બપોરે ૧૧-૩૦ થી ૧૨-૩૦ વચ્ચે નિઃશુલ્ક ખીચડી અને પૂરી-શાક વગેરે માટે 'સંત પુનિત ખીચડી પ્રસાદ' કેન્દ્રના દૈનિક ખર્ચ માટે રૂા.૧૨૦૦/- નો સહયોગ આવકાર્ય છે.

- **તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર :**

આ કેન્દ્રમાં સગર્ભા બહેનોને પૌષ્ટિક નાસ્તો આપવાનો દૈનિક ખર્ચ રૂા.૮૦૦ માટે આપની સહાય અમને ખૂબ ઉપયોગી થશે.

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

- **દર્દીનારાયણ સેવા કેન્દ્ર :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હૉસ્પિટલોમાં પ્રસૂતા બહોનોના સ્વાસ્થ્ય અને પોષણ માટે ચોખ્ખા ઘીનો શીરો/સુખડી વિતરણ માટે દૈનિક ખર્ચ રૂા.૧૨૦૦/- નો સહયોગ આપી એક ઉમદા કાર્યમાં સહયોગ આપવા વિનંતી.

- **સિનીયર સીટીઝન ટિફીન સેવા :**

કોમ્યુનિટી કિચન દ્વારા વરિષ્ઠ નાગરિકોને ઘેર બેઠા (પાંચ કિ.મી.ની મર્યાદામાં) ટિફીન સેવા પહોંચાડવાનો દૈનિક ખર્ચ રૂા. ૨૦૦૦/- છે તે માટે દાન આવકાર્ય છે.

- અન્નદાન-મહાદાન હેઠળ આપ રૂા.૫૦ અને તેના ગુણાંકમાં દાન આપી શકો છો. આ ભંડોળ ભૂખ્યાંને અન્ન અને ગરીબોને અનાજ વિતરણ કરવાના કામ માટે વાપરવામાં આવશે. એક ગરીબ પરિવારને ‘‘માસિક અનાજ વગેરેની કિટનો ખર્ચ રૂા.૧૦૦૦/- છે.
- સદ્‌વિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્રના ૨૦૦ વિદ્યાર્થીઓને રૂા.૧૦,૦૦૦ માં તિથી ભોજન કરાવી શકાય છે.

## <u>આરોગ્ય સેવામાં સહયોગ</u>

| ક્રમ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | એક દર્દીના મોતિયાનું લેન્સ સાથે ઑપરેશન | ૨,૦૦૦ |
| ૨. | સદ્‌વિચાર પરિવાર - અમદાવાદ આરોગ્ય સંકુલની સેવામાં દૈનિક ખર્ચ માટે | ૫,૦૦૦ |
| ૩. | સદ્‌વિચાર પરિવાર આરોગ્ય સંકુલમાં શ્રીમતી કુસમબહેન હરેશચંદ્ર પારેખ સિનિયર સિટીઝન હૅલ્થકેર યોજના (ઓ.પી.ડી.માં દવા-સારવાર નિઃશુલ્ક છે.) | |
| | ૧ દિવસના | ૨,૦૦૦ |
| | ૧ સપ્તાહ | ૧૨,૫૦૦ |
| | ૧ મહિનો | ૬૦,૦૦૦ |
| ૪. | કેન્સર, કિડની, હૃદયના ગંભીર રોગોના દર્દીઓને સારવાર-દવા પોષણ માટેની પૂરક સહાય (આરોગ્ય નિધી) | |
| | ૧ વ્યક્તિને પ્રતિમાસ માટે | ૮,૦૦૦ |

## <u>શૈક્ષણિક કૌશલ્ય નિર્માણ પ્રવૃત્તિઓ</u>

| ક્રમ. | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | એક વિદ્યાર્થીને કમ્પ્યૂટર તાલીમ | ૨,૦૦૦ |
| ૨. | એક દિવ્યાંગ વિદ્યાર્થીને દત્તક યોજના (વાર્ષિક) | ૯,૦૦૦ |
| ૩. | એક યુવાન-યુવતીને કૌશલ્ય તાલીમ માટે | ૨,૦૦૦ |

✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧✧

## મકાન-સાધન સરંજામ માટે

(દાનરૂપે અથવા કંપની દ્વારા સીએસઆર યોજના)

| ક્રમ. | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | વિદ્યાર્થીઓને અભ્યાસ, વ્યક્તિત્વ ઘડતર, કૌશલ્ય નિર્માણ અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ભવન નિર્માણ | ૧,૫૦,૦૦,૦૦૦ |
| ૨. | હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્રમાં બાળકો માટે વિશેષ સવલતો (સભાખંડ અને વર્ગો) | ૮૦,૦૦,૦૦૦ |
| ૩. | મહિલા અને બાળરોગ કેન્દ્ર | ૨૦,૦૦,૦૦૦ |
| ૪. | કમ્યુનિટી કિચનમાં વધારાના ફર્નિચર અને સવલતો માટે | ૪,૦૦,૦૦૦ |
| ૫. | સદ્‌વિચાર પરિવાર અને 'મેક એ ડિફરન્સ' સંચાલિત ગરીબ બાળકો માટે નવા છ વર્ગ ખંડો. | ૨૦,૦૦,૦૦૦ |
| ૬. | આંખની છારીના ઑપરેશન માટે યાગલેસર મશીન | ૨૦,૦૦,૦૦૦ |
| ૭. | મોતિયાના ઑપરેશન માટે નવું ફેંકો મશીન | ૮,૦૦,૦૦૦ |
| ૮. | ફંડસ કેમેરા | ૮,૦૦,૦૦૦ |
| ૯. | લેન્સોમીટર | ૨,૦૦,૦૦૦ |

[ક્રમાંક નં. ૬ થી ૯ માટે ડૉ. ઋષિ દેસાઈના મો.નં.૯૪૨૬૫૪૪૬૨૨ ઉપર સંપર્ક કરવો.]

દર્દીને ઘરે બીમારી દરમિયાન જરૂરી સાધનો ખૂબ જ ઓછા ભાડાથી આપવામાં આવે છે. સેંકડો પરિવાર દર વર્ષે તેનો લાભ લે છે.

| ક્રમ. | વસ્તુ | કિંમત (રૂા.) | ક્રમ. | વસ્તુ | કિંમત (રૂા.) |
|---|---|---|---|---|---|
